## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**હસીનોં ને જોયાં છે મેં એવી નિગાહથી;**
**રસિક જેમ જુએ છે મોંઘી કિતાબને !**
**-'મરીઝ'**

### પાથેય

- રમેશ ઠક્કર

## કિતાબનો ખિતાબ

એકલા હોઈએ અને વાંચનનો શોખ હોય તો એનાથી ઉત્તમ સમય બીજો કોઈ ના હોઈ શકે..પુસ્તકો આપણા એકાંતને ઝગમગાવે છે...જમાનો બદલાય છે એમ પુસ્તકોનાં રંગરૂપ પણ બદલાય છે..એનો આકાર, સજાવટ, શૈલી, મુખપૃષ્ઠ અથવા સામાજિક મોભો બેહદ બદલાયાં છે.

એક જમાનામાં અમદાવાદમાં ફર્નાન્ડીઝ પુલ નીચે નવાં જુનાં પુસ્તકોનું આકર્ષક બજાર ભરાતું..એમાં કોઇ વિષયસૂચિ પ્રમાણે ગોઠવાયેલાં કે સજાવટ કરેલાં નહીં પણ મોકળાશથી ખુલ્લામાં મૂકેલાં પુસ્તકો જોવા મળતાં.. ખુલ્લામાં પડેલાં અનેક પુસ્તકોમાંથી કોઈ મનગમતી કિતાબ માનવમેળામાંથી મનગમતું પાત્ર મળી જાય એમ મળી જતી..! એ અનોખો રોમાંચ હતો

આજે લાઈટ અને ફર્નીચરની આકર્ષક સજાવટથી સુસજ્જ બુકશોપમાં આવો આનંદ શોધવો મુશ્કેલ છે..પુસ્તક અને પસ્તી વચ્ચે બહુ ભેદ ના રહેતો..પણ લોકોને પુસ્તકો વાંચવાની આદત રહેતી..આજે નયનરમ્ય કવરપેજવાળાં પુસ્તકો શો-કેઈસમાં શોભા વધારવા કે સ્ટેટસ સિમ્બોલ તરીકે જ લગભગ કામમાં આવે છે..

વાંચવાની ટેવ ક્રમશઃ મૃતપાય થતી જાય છે..લોકો ટુંકુ હોય તો વાંચે છે. ત્રણ ભાગ કે ચાર ભાગની નવલકથા હોય એવું આજે કોઈ માનવા પણ તૈયાર નથી..! અનેક પ્રકરણો હોય.. શરૂઆતમાં ઉપોદઘાત કે પ્રસ્તાવના હોય...પ્રથમ પાને અર્પણ હોય...છેલ્લે પાદટીપ કે ટીપ્પણ હોય...આ પણ એક જમાનો હતો..

લેખકનો પરિચય ભાગ્યે જ જોવા મળતો ! લેખકનો ફોટો તો જોવા જ ના મળે ! ઘણીવાર પુસ્તકના મુળ લખાણ કરતાં પ્રસ્તાવના કોણે લખી છે એની બોલબાલા રહેતી...જેમકે 'કલાપી નો કેકારવ 'નો આવકાર ર.વ.દેસાઈએ લખ્યો છે...'માનવી ની ભવાઈ' ને 'દર્શક'ની પ્રસ્તાવના મળી હતી...એનો રોમાંચ રહેતો..અર્પણમાં પણ વૈવિધ્ય રહેતું...કાવ્યપંકિતઓ ટાંકવામાં આવતી..

અત્યંત લોકપ્રિય લેખક પણ કેવા હશે એ જાણવાની તાલાવેલી રહેતી. આજે માહોલ અલગ છે...લેખકના અવનવા ફોટા.. કલોઝઅપ...અચુક હોય છે. રંગીન ટાઈટલ....અને વાચનસામગ્રી કરતાં લેખકની પોતાની કેફિયત અને પરિચય એ જાણે ફેશન છે...! આ નવો જમાનો છે...લેખક ગ્લેમરસ થતો ગયો છે...


પુસ્તકનું વિમોચન મોટો પ્રસંગ ગણાતો. આજે લગભગ દરરોજ ક્યાંકને ક્યાંક ગ્રંથવિમોચન થતું જ રહે છે. એક જ પુસ્તકનું વારંવાર અને અલગઅલગ શહેરોમાં વિમોચન થાય છે...પુસ્તકમેળા પણ થાય છે...પુસ્તકોની સંખ્યા વધી છે પણ ખરા અર્થમાં એના વાંચનારાની સંખ્યા ઘટી છે એ આજના જમાનાની ફલશ્રુતિ છે..પુસ્તક બાબતે જોકે એક સમાનતા હજુ અકબંધ છે..એ જમાનામાં પણ પુસ્તક એ ખરીદવાની ચીજ છે એવું કોઈ માનતું નહીં અને આજે પણ ખરીદશકિતમાં અનેકગણો વધારો થયો હોવા છતાં લોકો પુસ્તક ખરીદવામાં એટલા ઉત્સાહી થયાં નથી...!! પુસ્તકો માણસજાત માટે વફાદાર મિત્ર ગણાય છે...માણસની બદલાતી રસરૂચિ વચ્ચે પણ એનું અવતરણ સતત થતું જ રહે છે...માણસ જયારે એકલો પડે છે ત્યારે પુસ્તકોની સોબત એને કોલાહલમય બનાવી દે છે...કિતાબ એ અણમોલ ખિતાબ છે.

# ધર્મ આધારિત રાજકારણનો યુગ શરૂ થયો છે

**તંત્રીસ્થાનેથી...**

ધર્મનો રાજકીય હેતુ પાર પાડા માટે દુરુપયોગ એ કોઈ નવી ઘટના નથી. દેશનુ વિભાજન ધર્મના નામે થયું તે ભારતીય ઉપખંડની સૌથી મોટી વિડંબના હતી. મહાત્મા ગાંધી એવી રાજનીતિના કટ્ટર વિરોધી હતા. પરંતુ મહંમદ અલી ઝીણા અને એમના મુસ્લિમ લીગના સાથીઓએ એમને દેશના 'હિંદુ' નેતા તરીકે ખતવી નાખ્યા હતા. બ્રિટિશ સત્તાધીશો પણ ગાંધીને હિંદુઓના આગેવાન માનતા હતા. હકીકત એ છે કે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં રહેતા મૂળ ભારતીયો માટે 'હિંદી' શબ્દ વાપર્યો હતો. એમાં હિંદુ, મુસલમાન, શીખ, ઈસાઈ સહિત તમામ હિંદુસ્તાનીઓનો સમાવેશ થયો હતો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે 'હિંદુ' પ્રજાને જુદી તારવી એના યોગક્ષેમની ખેવના રાખી અને એ રીતે કોંગ્રેસની સર્વસમાવેશી રાજનીતિ સામે હિંદુત્વના રાજકારમનાં બીજ વવાયાં. હિંદુ મહાસભા નામની સંસ્થા પંડિત જવાહરલાલ નહેરુ સામે પણ ઉમેદવાર ઊભો કરતી રહી જે ત્યારે તો ડિપોઝિટ પણ બચાવી નહોતો શકતો પરંતુ કાળક્રમે જનસંઘ એક પદ્ધતિસરની રાજકીય પાર્ટી તરીકે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની રાજકીય શાખા તરીકે વિકસ્યો જેનું વર્તમાન સ્વરુપ ભારતીય જનતા પાર્ટી છે જેણે ધર્મ આધારિત રાજકારણ ખેલીને કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટીને હાંસિલે ધકેલી દીધી છે. હિંદુ પ્રજા માટે જૈન અને શીખ ધર્માવલંબીઓને પણ જોતરવાનું હિંદુત્વવાદી નેતાઓ ભૂલ્યા નથી. એથી પંજાબના ધર્મ-સંપ્રદાય આધારિત રાજકીય પક્ષ અકાલીદળ સાથે ભારતીય જનતા પાર્ટીએ ગઠબંધન રચ્યું હતુ અને એ ગઠબંધન છેક હમણાં પંજાબના કિસાન આંદોલનના મુદ્દે તૂટ્યું છે. કૃષિ કાયદાઓ સામે સૌથી ઉગ્ર વિરોધ પંજાબના કિસાનોએ નોંધાવ્યો હતો અને એના સમર્થનમાં અકાલી દળે 'એનડીએ'ના ઘટકદળ તરીકેની સુદીર્ઘ કારકિર્દીનું બલિદાન આપ્યું હતું. આથી ભારતીય જનતા પાર્ટી દ્વિધામાં મુકાઈ ગઈ હતી. હવે એની પાસે કેન્દ્ર સરકારમાં શીખ પ્રજાનું પ્રતિનિધિત્વ કરનાર કોઈ સક્ષમ નેતા નહોતો રહ્યો. આથી કોંગ્રેસના પ્રાદેશિક કલહને કારણે પંજાબના મુખ્યમંત્રી પદેથી બરતરફ કરાયેલા જૂના કોંગી કેપ્ટન અમરિંદરસિંહ સાથે છાનગપતિયાં કરી ભારતીય જનતા પાર્ટી પંજાબ વિધાનસભાના ચૂંટણી જંગમાં ઊતરી હતી. જો કે પંજાબની તાસીર કંઈ જુદી જ નીકળી. અરવિંદ કેજરીવાલના દિલ્હી મોડલથી આકર્ષાયેલા પંજાબી મતદારોએ ભગવંતસિંહ માનને વધાવી લીધા અને ભારતીય જનતા પાર્ટીનો કરુણ રકાસ થયો. કેપ્ટન અમરિંદરસિંહ અને અગાઉ ભાજપના સાંસદ રહી ચૂકેલા પૂર્વ ક્રિકેટર નવજોત સિધ્ધુની કારમી હાર થઈ. અકાલી દળ પણ હાંસિયે ધકેલાઈ ગયું. ધર્મ આધારિત રાજકારણ કરતાં વિકાસલક્ષી રાજનીતિ કરનાર કેજરીવાલનું ઝાડું કેન્દ્રમાં સત્તાધારી ભાજપને ભારે પડી ગયું. પરંતુ એથી મોદી જેવા અઠંગ રાજકારણી થોડા પારોઠમાં પગલાં ભરે ? શીખોને રાજી કરવા એમને ગુરુઓનાં ગુણગાન ચાલુ કર્યાં છે. ગુરુ નાનક અને ગુરુ ગોવિંદસિંહના 'પ્રકાશપર્વ'ની ઉજવણી પછી હવે ગુરુ તેગ બહાદુરનું ૪૦૦નું પ્રકાસ પર્વ ઉજવી એમને શીખોની સહાનુભૂતિ પાછી મેળવવા કોશિશ કરી છે. આમ પણ ઈંદિરા ગાંધીની હત્યાને પગલે દિલ્હીમાં શીખોની થયેલી કત્લેઆમના મુદ્દે તો ભારતીય જનતા પાર્ટી કાગારોળ કરતી જ રહી છે. ગુરુ તેગબહાદુરની શહીદી યાદ કરીને તત્કાલીન કટ્ટર મગલ બાદશાહ ઔરંગઝેબના હિંદુ-શીખ વિરોધી અભિગમને ઉજાગર કરવાનો સાર્થક પ્રયાસ કરાયો છે. લાલ કિલ્લા પર સૂર્યાસ્ત પછી કાર્યક્રમ યોજીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શીખોને ફરી એકવાર ભાજપ તરફ વળવા નોતરું પાઠવ્યું છે. ઔરંગઝેબ રોડનું નામ પણ બદલી નાખીને પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ માર્ગ રાખવામાં આવ્યું છે. કલામ રાષ્ટ્રવાદી મુસલમાન હતા જેમણે સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ સ્વામીને ગુરુપદે સ્થાપ્યા હતા. ધર્મ અને રાજકારણને અલગ રાખવાની ગાંધી-નહેરુની રાજનીતિનો છેડ ઉડાડી દેવાયો છે. અને હવે તો કોંગ્રેસના હાઈકમાંડને પણ દુનિયા દેખાવ ખાતર ગંગાજીમાં ડૂબકીઓ મારવી પડે છે !

# પુસ્તક જ્ઞાનની પરબ છે






**પ્રસંગસર**
**ડો. અંજના બારોટ**

૨૩ એપ્રિલ એ વિશ્વ પુસ્તક દિવસ તરીકે ગણવામાં આવે છે . આ દિવસ મહાન લેખક વિલિયમ શેકસપિયર નો જન્મ અને યોગાનુયોગ મરણ દિવસ પણ છે તેથી યુનેસ્કો દ્વારા ૧૯૨૫થી દર વર્ષે ૨૩ એપ્રિલે વિશ્વ પુસ્તક દિવસ ઉજવવાનું જાહેર કર્યું છે. આમ જોતા તો આપણા માટે રોજ પુસ્તક દિવસ હોવો જોઈએ કારણ કે જ્ઞાન પ્રાપ્તીનું સર્વ શ્રેષ્ઠ સાધન જ પુસ્તક છે. પુસ્તક એ મનુષ્યનો પરમ શ્રેષ્ઠ અને ઉત્તમ મિત્ર છે. મિત્રોની જેમ પુસ્તકોનો માનવીના જીવન ઘડતર પર નિર્ણાયક પ્રભાવ પડે છે. એક આદર્શ મિત્રની જેમ એક ઉત્તમ પુસ્તક મનુષ્યને સુખ દુઃખ માં સાથ, સહારો અને સાંત્વના આપે છે. પુસ્તકો મનને એકાગ્ર કરવા અને સંયમિત બનાવવા માટેનું સરળ સાધન છે. અભ્યાસ કરતાં કરતાં મનુષ્ય જીવનની સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે .આપણું વાંચન એ જ આપણા જીવનનું ખરું પ્રતિબિંબ છે.

એક અંગ્રેજી ઉક્તિ છે કે "A good book is man's friend, philosopher and guide" પુસ્તકો આપણા સાચા મિત્રો છે, એમ કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. ''સફળ જીવન માત્ર, સારા પુસ્તકોના સંગને પાત્ર'' સારા પુસ્તકોનું વાંચન આપણા જીવનને ઉત્તમ બનાવે છે. પુસ્તકોની મૈત્રી માનવીના જીવન ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. આપણે અભ્યાસક્રમ માટે નિયત થયેલા પુસ્તકો વાંચીએ છીએ તેનાથી આપણા જ્ઞાનમાં વધારો થાય છે. પરંતુ આપણને મળતું જ્ઞાન મર્યાદિત હોય છે. તો વિશેષ જ્ઞાન માટે વિશિષ્ટ પુસ્તકોનું વાંચન જરૂરી છે.

સારા પુસ્તકો સાચા મિત્રો ની ગરજ સારે છે. આપણા ધાર્મિક ગ્રંથો, પુરાણો, વેદો વગેરે જેવા પુસ્તકોમાંથી જગતના અનેક લોકોને જીવન જીવવાની પ્રેરણા મળતી રહે છે. "Un to the last", "Vision 20-20", "Wings of fire" પુસ્તકોમાંથી વિદ્યાર્થીના જીવનમાં ઉત્સાહ જગાડી કામ કરવાની પ્રેરણા મળે છે. ભારતીય સંસ્કૃતિને વર્ષો સુધી ટકાવી રાખવા માટે પણ પુસ્તકોનો સહારો લેવો પડે છે. મહાપુરુષોના જીવન ચરિત્ર વાંચવાથી વિપત્તિમાં શાંતિ રાખવાની પ્રેરણા મળે છે. સારા પુસ્તક સુખ દુઃખના સાથી છે ઉત્તમ પુસ્તકો સંમભાવપૂર્વક જીવન જીવવાની પ્રેરણા આપે છે.સારા પુસ્તકો આપણા જીવનમાં હિંમત, શોર્ય, બહાદુરી, પ્રેમ, ક્ષમા જેવા મહાન ગુણોનો વિકાસ કરે છે. સારા પુસ્તકો અંધશ્રદ્ધા, વહેમ, કુરિવાજો વગેરે દૂર કરવા અને મૂંઝવણમાંથી માર્ગ કાઢવા માટે પણ ઉપયોગી બને છે. પુસ્તકો અરીસા સમાન છે. તેઓ સત્ય વક્તા અને સ્પષ્ટ વક્તા છે. તેઓ આપણા વ્યક્તિત્વનો પરિચય કરાવે છે.

આપણા શ્રેષ્ઠ પુસ્તક શ્રીમદ ભગવતગીતા, દ્વારા અનેક મહાપુરુષોને સદીઓથી પ્રેરણા અને ઉમદા માર્ગદર્શન મળ્યું છે. ગાંધીજી કહેતા ''જ્યારે જ્યારે મને મૂંઝવણ થાય છે ત્યારે ત્યારે હું ગીતામાંથી માર્ગદર્શન મેળવુ છું.'' ઉત્તમ પુસ્તકોની ઉપકારકતા મૈત્રીનું જવલંત ઉદાહરણ છે.ઉત્તમ પુસ્તકોની મૈત્રી સાધનાર મનુષ્ય ગમે તેવી અવસ્થામાં મુકાતો નથી કે દુઃખી થતો નથી. સારા પુસ્તકોમાં ગ્રંથસ્થ થયેલું મહાપુરુષોનું જીવનદર્શન દુઃખ કે વિપત્તિમાં ધીરજ અને શાંતિ આપે છે. તે માનવીના અસહ્ય દુઃખને પણ હળવુ બનાવે છે. શ્રેષ્ઠ પુસ્તકો મનુષ્યના વહેમ, અંધશ્રદ્ધા અને અજ્ઞાનને દૂર કરે છે. સારા પુસ્તકો કદી આપણને એકલા કરી દેતા નથી એ હંમેશાં સાથ નિભાવે છે. રામાયણ અને મહાભારત જેવા ઉચ્ચ કોટિના પુસ્તકો વિશાળ જનસમાજને સદીઓ સુધી દોરવણી આપી શકે છે. ''સરસ્વતી ચંદ્ર'' અને ''માનવીની ભવાઈ'' જેવા પુસ્તકો સમાજજીવન અને માનવ ભાવોનું ઊંડુ દર્શન કરાવી શકે છે.

પુસ્તકો ચિત્તનો સર્વોત્તમ ખોરાક છે. એક વિચારકનું કથન છે કે, માનવજાતિએ જે પણ કંઈ વિચાર્યું, કે પામ્યું છે એ પુસ્તકોમાં સચવાયેલું છે. માનવ સભ્યતા અને સંસ્કૃતિના વિકાસનો પુરો શ્રેય પુસ્તકોને જાય છે. પુસ્તકોનું મૂલ્ય અને મહત્વ અનન્ય છે. પુસ્તકો આપણા અંતઃકરણને ઉજાળે છે. સારા પુસ્તકો મનુષ્યને પશુ થી દેવત્વ તરફ લઈ જાય છે. તેની સાત્વિક વૃત્તિઓને જાગૃત કરી તેને પથભ્રષ્ટ થતાં બચાવે છે. તથા તે મનુષ્ય, સમાજ અને રાષ્ટ્રનું માર્ગદર્શન પણ કરે છે. પુસ્તકોનો આપણાં ચિત્ત પર સ્થાયી અને પ્રેરણાદાયક પ્રભાવ હોય છે.જે પુસ્તકો વાચકને

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- વિશ્વ પુસ્તક દિન
- ગુરુ અંગદની જન્મજયંતિ, શિખ ધર્મગુરુ.
- વિલિયમ શેક્સપિયરની જન્મજયંતિ, પ્રખ્યાત અંગ્રેજ લેખક અને અભિનેતા.

### આજનું ઔષધ

- માઈગ્રેન - આધાશીશીમાં જે બાજુ માથું દુઃખતું હોય તેની બીજી બાજુના નાકમાં અગથીયાના પાનનો રસ ચાર-પાંચ ટીપાં પાડવાથી અથવા ફૂલોનો રસ પાડવાથી થોડી વારમાં જ દુઃખાવો મટી જશે.

### ખડખડાટ

- પત્ની : આજે ઓફિસથી ઘરે વહેલા આવી જજો. ફિલ્મ જોવ જવાનું છે.
પતિ : ન આવું તો ?
પત્ની : જુદા જુદા ચૂંટણી ચિહ્નોથી સ્વાગત થશે. સમયસર આવશો તો બીજેપીના ચિહ્નથી, મોડા આવ્યા તો કોંગ્રેસના ચિહ્નથી અને વધુ મોડા ચાલ્યા તો આપના ચિહ્નથી...

### આજનો વોટ્સએપ

- જીવી લેવા જેવી ક્ષણો પૂરેપૂરી જીવી લેવાય એ જ જિંદગી છે!

# સર પ્રભાશંકર પટ્ટણીની પાવન સ્મૃતિ



**ક્ષણના ચણીબોર**
**વી. એસ. ગઢવી**

જયારે તથા જ્યાં પણ વિચક્ષણ તેમજ સંવેદનશીલ વહીવટકર્તાની વાત થશે ત્યાં સર પ્રભાશંકર પટ્ટણીની સ્મૃતિ અવશ્ય થશે. તેમનું જીવન આજે પણ દીવાદાંડી સમાન ઝળહળતું-ઉન્નત તથા પથદર્શક છે. પોતાની જીવનયાત્રાના અંતિમ ચરણમાં સર પ્રભાશંકર પટ્ટણી એક અઘરું છતાં મહત્વનું કામ માથા પર લે છે. કદાચ આ તેમનું પોતાની જાત સાથેનું કમિટમેન્ટ છે. તેમની સમગ્ર જીવનયાત્રા(૧૯-૦૪-૧૮૬૨થી ૧૬-૦૨-૧૯૩૮)ના સૂર્યાસ્ત સમયે છઠ્ઠી જાન્યુઆરીથી જીવનના છેલ્લા શ્વાસ સુધી(૧૬-૦૨-૩૮) ભાવનગર રાજ્યના પ્રજાજનોના સુખ દુઃખ સમજવા તથા તેનો ઉકેલ લાવવા રાજ્યના દૂરના ગામડાઓની એક કઠિન યાત્રા કરે છે. તબિયત નરમ છે. શરીર પહેલા જેવો સાથ આપે તેવું નથી. આમ છતાં મક્કમ નિર્ધાર છે. ભાવનગર રાજ્યના સામાન્ય લોકોના હિતને હૈયામાં રાખી આ 'છેલ્લી મુસાફરી'નો આરંભ થાય છે. સર પટ્ટણીના મિત્ર તથા પ્રશંસક કવિ દુલા ભાયા કાગ આ સંદર્ભમાં લખે છે:

ભાવેણું માંગણું માંગે છે.
બુઢો સૌ સુખડાં ત્યાગે છે.
દેહે ડગમગતો લાગે છે.

દેહ ભલે ડગમગતો હોય, મનોબળ મજબૂત છે. દિશા સ્પષ્ટ છે. દેહ તો તેનો કાળધર્મ નિભાવે છે. પરંતુ તેનાથી થાકી જનાર કે હાર કબૂલ કરનાર આ મહાનાયક નથી. લોકોના કલ્યાણની ચિંતા કરીને તેમજ તેમની સમસ્યાઓ સમજીને ઉકેલ કરવા આ યાત્રા આરંભાઈ છે. મહાત્મા ગાંધીના જીવનના અંતિમ ચરણમાં નોઆખલીની યાત્રાની અહીં સ્મૃતિ થાય છે. લોકહિતની જ્વલંત મશાલ હૈયામાં ધગધગતી હોય તો જ આવું કામ કોઈ વિભૂતિ હાથ પર લે છે.

યાત્રાના સુઆયોજિત ક્રમ પ્રમાણે દાદા ઝાંઝમેર પહોંચે છે. નાનું ગામ છે. 'સાગર તીર્થ નિવાસી' લોકો છે. ગામમાં આટલા મોટા માણસ આવે છે તેથી શાળામાં દાંડિયારાસનો સુંદર કાર્યક્રમ શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ સાથે મળીને તૈયાર કર્યો છે. પટ્ટણી સાહેબને ગમે તેવું એક ભાવવાહી ભજન પણ વિદ્યાર્થીઓ ગાવાના છે. સર પટ્ટણી આવે છે. વિદ્યાર્થીઓ ઉત્સાહથી એક ભજન લલકારે છે. રચના જાણીતી તથા સદૈવ લીલીછમ્મ રહે તેવી અર્થસભર છે.

મેરુ તો ડગે પણ
જેના મન નવ ડગે
ભલે ભાંગી પડે બ્રહ્માંડ રે
વિપત પડે પણ વણસે નહિ
એ તો હરિજનનાં પ્રમાણ રે.

ગંગાસતીના અમર શબ્દોની આ રચના સાંભળીને શાળાના અતિથિ સર પટ્ટણી ભાવ વિભોર થાય છે. પછી સ્વસ્થ થઈને કહે છે:

'ભજન ગાવાનું કે દાંડિયારાસ રમવાનું મન મને પણ થાય પરંતુ શરીર કામ કરતુ નથી. બાળકોએ રજુ કરેલું ભજન ખુબ સમજવા જેવું છે. આવા સુંદર ભજનોના અર્થ સૌ લોકોને સમજાવવામાં આવે તો લોકોમાં અન્યોન્ય માટે સ્નેહ કેળવાય. ધર્મનું જ્ઞાન થાય.' પછી શિક્ષકોને બિરદાવતા કહે છે કે ભલે આ વિદ્યાર્થીઓને કદાચ અભ્યાસક્રમનો એકાદ પાઠ ઓછો ભણાવાય પરંતુ આવા સારા કાવ્યો કે ભજનોમાંથી બોધપાઠ લે તો ભવિષ્યમાં તેઓ સંસ્કારી તથા સેવાવૃત્તિવાળા થશે. સર પટ્ટણીનું આ સચોટ નિદાન ઝાંઝમેર માટે સચોટ છે. પરંતુ આજના સંદર્ભમાં તે સમગ્ર વ્યવસ્થા માટે પણ વિશેષ કારગત તથા સચોટ છે. સંસ્કારોની આ ઉજળી પરંપરાનું યથાશક્તિ સિંચન એ કોઈપણ સમય માટે પ્રસ્તુત છે. આજના સંદર્ભમાં જોઈએ તો આપણામાંથી ઘણા લોકોની વિપરીત સ્થિતિમાં વ્યગ્ર થઈ જવાની વૃત્તિ એ સમાજ માટેનો એક પડકારરૂપ વિષય છે. બાળકોમાં પણ નિરાશાજનક કે અકળાવે તેવી સ્થિતિ વધતી જાય છે. તેનો સ્થાયી ઉકેલ એ બાળમાનસમાં યોગ્ય સમજ તથા સંસ્કાર સિંચનનો છે. સ્વસ્થ સમાજના નિર્માણ માટેની આ પૂર્વશરત છે. જયંતીલાલ, મોરારજી મહેતાએ સર પટ્ટણીના આવા પ્રેરણારૂપ પ્રસંગો 'છેલ્લી મુસાફરી' પુસ્તકમાં ચોકસાઈથી ગ્રંથસ્થ કર્યા છે. (પ્રકાશનઃગુર્જરઃ૨૦૧૨).

સર પ્રભાશંકર પટ્ટણી એક ઉત્તમ વહીવટકર્તા હોવા ઉપરાંત મોટા ગજાના કવિ પણ છે. એક મોટા રાજ્યના દીવાનને મળતી કીર્તિ-પ્રતિષ્ઠા અને સત્તાના આવરણમાં દુનિયાની નજરે તેઓ જીવે છે. જે સ્વાભાવિક છે. આમ છતાં અંતરના ભાવથી તેમને મન પસંદ પડે તેવી જિંદગીનુંતેમનુંનિજી સ્વપ્ન તોઅલગ જ છે. જે દુન્વયી દ્રષ્ટિથી તદ્દન અલગ છે. આ વાત તેમણે લખેલી નીચેની સુંદર પંક્તિઓ પરથી સ્પષ્ટ થાય છે.

જોવી જેને નજરે ન પડે
વક્ર તાલવેરોની, ખાયે જેઓ
ઉદર ભરીને પંક્તિ દુર્વાદૂરોની,
ઠંડા વારી નદી સર તણાં
પી નિરાંતે ભમે છે
તેવી સાદી હરિણશિશુની
જિંદગાની ગમે છે.

જાણે કે કોઈ ઉત્તમ પ્રકારના સંસ્કૃત સુભાષિતો વાંચતા હોઈએ તેવો ભાવ સર પટ્ટણીની આ કાવ્ય પંક્તિઓ વાંચતા થાય છે. આવી સહજતા, સંવેદનશીલતા તેમજ કોમળતા એ પ્રભાશંકર પટ્ટણીના જીવનના સહજ ભાગ સમાન હતા. પ્રભાશંકર પટ્ટણીએ લખેલા કેટલાક કાવ્યો આજે પણ લોકોના હૈયે ઊંડે સુધી કોતરાઈને પડેલા છે. 'ઉઘાડી રાખજે બારી' એ તેનું એક મહત્વનું ઉદાહરણ છે. કાવ્યોમાં લખેલી વાણી તેઓ વ્યવહારમાં જીવ્યા છે એ વાત મહત્વની છે.

રાજ્યમાં આકાર લેતી કોઈપણ સારી બાબત માટે તેઓ ભાવનગરના રાજવીને જ યશ આપતા હતા. સ્વપ્રસિધ્ધિથી હંમેશા દૂર રહેનાર સર પટ્ટણીએ ૨૯-૦૩-૩૩ના રોજ મહાત્મા ગાંધી પર તેમણે લખેલા એક પત્રમાં કહ્યું હતુંઃ 'મારી ટીકાઓની મને કદી બીક લાગી નથી પણ (છાપાઓમાં) મારા વિષે કંઈ સારું છપાય તેનાથી હું દૂર રહેવા માંગુ છું.'

આવી બધી હકીકતો જેનું એક અદકેરું મૂલ્ય છે તે આપણને મુકુન્દરાય પરાશર્યના સુંદર લખાણો પરથી મળે છે. સર પટ્ટણીનું 'વ્યક્તિત્વ દર્શન' કરાવીને મુકુન્દભાઈએ આપણાં પર ઉપકાર કર્યો છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. આપણી સામે આ વ્યક્તિત્વ દર્શનનું પુસ્તક એક અવિકારી સનાતન સત્ય તરીકે મુકાયું છે. પ્રેરણાદાયક છે. ભાવનગર રાજ્યના ખ્યાતનામ દીવાન સર પ્રભાશંકર પટ્ટણીની વિશેષ સ્મૃતિ તેમની જન્મ જયંતીના એપ્રિલ માસમાં વિશેષ થાય છે. દેશી રજવાડાઓમાં ભાવનગર રાજ્યનો વહીવટ ગગા ઓઝા તથા સર પ્રભાશંકર પટ્ટણીના કારણે એક ભિન્ન પ્રતિષ્ઠા ધરાવે છે.

# વેલકમ ટુ વડનગર... વિરાસત અને વિકાસનો અદ્‌ભૂત સંગમ...



**સંવેદનનું સ્ટેટસ**
**રમેશ ઠક્કર**

કોઈ નગર અનેક વખત પડી ભાગ્યું હોય... ધરાશયી થયું હોય અને વારંવાર ફરીથી શાન સાથે બેઠું થતું રહેતું હોય એ ચમત્કાર ગણાય કે નહીં..? એ નગરનું નામ ખરેખર એક જમાનામાં ચમત્કારપુર જ હતું..! એનો અઢી હજાર વરસનો ભવ્ય ઈતિહાસ છે...અનેક શાસકોની યાદો જયાં ધરબાઈને પડી છે... જયાં સંખ્યાબંધ તળાવો છે... સંગીત અને તાલ જેના ધબકાર સમાન છે... જયાં એક જમાનામાં બુધ્ધ ધર્મ સોળે કળાએ ખીલી ઉઠયો હતો..અને છઠ્ઠી સદીમાં ચીની યાત્રી હયુ-એન-સંગ જેનાથી પ્રભાવિત થયો હતો એ બુધ્ધમઠો જયાં આજે પણ જોવા મળે છે એ નગર...



ફિનિક્સ પંખીની માફક પોતાના જ કાટમાળમાંથી ગૌરવભેર ફરીથી બેઠું થઈ જતું નગર એટલે વડનગર..!

મહેસાણા જિલ્લામાં આવેલું આ ઐતિહાસિક નગર અંબાજી જતાં આપણે બહારથી જોયું હશે..જેના થકી એ જાણીતું છે એ હાટકેશ્વર મહાદેવની ફરફરતી ધજા આપણે દૂરથી જોઈ હશે...તાનારીરી સંગીત બેલડીની સ્વાર્પણની કથા અને મલ્હાર રાગની રસપ્રદ વાતો પણ સાંભળી હશે... શર્મિષ્ઠા તળાવ નરસિંહ મહેતા અને નાગર સંસ્કૃતિની કથાઓ આપણા કાને પડી હશે. કુશળ કલા કસબીઓ અને પથ્થરોમાં જીવંતતા ભરી દેતા શિલ્પીઓ સોમપુરા સલાટ વિશે જાણ્યું હશે... આપણા ગ્રામ્ય જીવનને ભૂંગળના તાતાથૈયાથી રંગીન બનાવતા ભવાઈવેશના કલાકારો ભોજન નાયક સમાજ જેણે આપ્યા એ નગરને તમે જાણતા હશો... હા એ નગર એટલે જ વડનગર !

કોઈ કવિ કે લેખક નામ ઉપરાંત એકાદ તખલ્લુસ રાખે... ઘણા લોકોનું ઘરનું અને બહારનાં નામ અલગઅલગ હોય એ જોયું હશે..પરંતુ કોઈ શહેરનાં અડધો ડઝન કરતાં વધારે નામો ઈતિહાસના સુવર્ણ અક્ષરોમાં લખાયું હોય એવું બને ? હા એવું ગૌરવ વડનગરને પ્રાપ્ત થયું છે. વડનગર, વૃધ્ધનગર, આનંદપુર, આનર્તપુર, ચમત્કારપુર..આ બધાં નામો થકી ઉજ્જવળ એનો વૈભવ છલકાતો રહ્યો છે.

વૈભવશાળી વડનગર હવે આધુનિક સગવડો અને સુવિધાઓ થકી મનોરમ પ્રવાસન સ્થળ બની ગયું છે..પ્રવાસીઓ માટે એ હેરિટેજ સાઈટ્સ,અદ્ભુત ઐતિહાસિક ધરોહર, સંગીત વારસો, ઉત્ખનન અવશેષો,બુધ્ધિષ્ઠ મઠ,અને ધાર્મિક મંદિરો સાથે આધુનિક મ્યુઝિયમ, આર્ટ ગેલેરી,બોટિંગ સુવિધાથી સજ્જ આધુનિક સરોવરો, તોરણ હોટલ , મ્યૂઝિક કોલેજ..વિશાળ રસ્તાઓ આધુનિક રીતે સજજ વાવ અને કૂવાઓ અને તાલીમ પામેલા ગાઈડ સાથે એક નવા રંગરૂપ સાથે સજજ થઈ આપણને સહુને વેલકમ કરી રહ્યું છે..

એકાદી રજામાં એકલદોકલ કે મિત્રો સાથે કે પરિવાર સાથે વડનગરની સહેલગાહ કરવા જેવી છે..વડનગર એક પ્રેરણા સ્થાન પણ છે..અનેક ઐતિહાસિક મહાપુરૂષો, કવિઓ, વિદ્વાનો, કલાકારો, અને મુત્સદી દિવાનો આ નગરે આપ્યા છે... ડૉ.વસંત પરીખ અને ડૉ દ્વારકાદાસ જોશી જેવા સંત સમાન તબીબોએ જયાં ભેખધારીની માફક ગરીબ લોકોની સેવા કરી હતી એ આ ભૂમિ..આધુનિક ભારતના લોકલાડિલા વડાપ્રધાન માનનીય નરેન્દ્ર મોદી સાહેબની જન્મભૂમિ..એમણે જીવનસંઘર્ષની જયાંથી શરૂઆત કરી હતી એ રેલ્વે સ્ટેશન,.ચા ની કેન્ટિન અને એ પ્રાથમિક શાળા જોતાં જ પ્રેરણાનો ધોધ છવાઈ જાય છે.આ સાફલ્યગાથાઓ.નગરમાં આવનારને યાદ રહી જાય છે..નવું જોમ આપી જાય છે.

વડનગરની ફરતે છ જેટલા અદ્ભુત દરવાજા હતા..મોટાભાગના હાલે જોઈ શકાય છે..અરજણબારી દરવાજા ઉપરનો બારમી સદીનો શિલાલેખ અદ્ભુત છે..જે પાટણના સોલંકી રાજા કુમારપાળ દ્વારા મુકાયેલો છે..એ સમયના સમૃધ્ધ વડનગરની પ્રશસ્તિ નગરના મહાકવિ શ્રીપાલ દ્વારા એમાં અંકિત થયેલી છે..આ એક જોવા જેવી વિરાસત છે. પીઠોરી દરવાજો આજેપણ એ જમાનાની ભવ્યતા સાથે અડીખમ ઉભો છે..હાટકેશ્વર મંદિરનાં અદ્ભુત શિલ્પો,મંદિરનો ઘંટારવ,એની સામે આવેલી ફોર્ટવૉલ ગજબનાં આકર્ષણો છે..અધ્યાત્મ અને આધુનિકતાનો અદ્ભુત સંગમ દર્શનીય છે.

વડનગરમાં પૌરાણિક વાવો અનેક છે.એ પૈકીની એક વાવનું નામ છે લટેરી વાવ..એ પાંચસો વરસ પહેલાંનું સોલંકી કાળનું સ્થાપત્ય છે..એનું ધાર્મિક મહત્વ પણ છે..એની મુલાકાત જ મનોહર બની છે..વાવમાં પ્રવાસીઓ માટે બેઠક,પીવાનું પાણી, ટોઈલેટ અને ગાઈડ જેવી સુવિધાઓ ઉભી કરાઈ છે..એવું જ એક તળાવ છે અંબાજી કોઠા તળાવ.એને પણ આધુનિક સગવડોથી સજજ કરાવી પ્રવાસી આકર્ષણ ઉભું કરાયું છે..

વડનગરમાં આવેલ એક કૂવો બેનમૂન સ્થાપત્ય ધરાવતો ગુજરાતનો એકમાત્ર કૂવો છે.એનું નામ છે ઝણઝણીયો કૂવો.

તેની સ્થાપત્ય રચના જોતા તેનું બાંધકામ અંદાજે ૧૦૦૦ વર્ષ જેટલું પ્રાચીન મનાય છે. આ કૂવો ૩૦૦ ફૂટ કરતા વધારે ઊંડાઈ ધરાવતો જીવંત કૂવો છે, જેમાં પાણીનું વહેણ સજીવ હોવાથી ઝરમર ઝરમર રૂપે તે કુવા માં પડે છે,તેથી આ કૂવો ઝણઝણીઓ કૂવો ના નામે ઓળખાય છે.

શર્મિષ્ઠા તળાવ અને એની ફરતે ત્રણ કિલોમીટરનો વૉક-વે અને રાત્રે થતી રોશની જોવી એક લ્હાવો હોય છે..દિવસ દરમિયાન લેકમાં બોટિંગનો આનંદ પણ લઈ શકાય છે..એના કિનારે અદ્ભુત 'થીમ પાર્ક ' ઉભો કરાયો છે.જ્યાં શાસ્ત્રીય રંગોની જાણકારી આપતાં પેવેલિયન અને લાઈવ અનુભૂતિ થઈ શકે છે..અરજણબારી ઉપરનો બારમી સદીનો શિલાલેખ જોવા જેવો છે..વૉચ ટાવર ઉપરથી નગર દર્શન અને વડનગરનો જીવંત વારસો દર્શાવતું મ્યૂઝિયમ અને તાનારીરી પરિસર..એક હજાર વરસ પહેલાંનો વિશાળ બૂર્જ જે લગભગ પાંચ યુગોની ઐતિહાસિક અનુભૂતિ કરાવે છે.

અનુપમ સૌંદર્ય ધરાવતાં અનેક તળાવો પ્રવાસીઓ માટે આનંદદાયક અનુભવ બની રહે છે.

પ્રવાસન ક્ષેત્રે ગુજરાત આગવી ઓળખ ઉભી કરી રહયું છે..ઝડપથી પ્રવાસન ધામ તરીકે વિકસી રહેલું વડનગર અનોખું આકર્ષણ બનીને ઉભરી રહયું છે..ગુજરાતની કાયમી ઓળખ બની રહેલું વડનગરનું કિર્તીતોરણ આપણને સહુને કહી રહ્યું છે..વેલકમ ટુ વડનગર..જયાં વારસો છે,વૈભવ છે, વિકાસ છે,વ્હાલપ છે..